અનુસૂચિત જાતિના કાયદા સ્નાતકોને વકીલાતની તાલીમ આપવાની યોજનામાં સહાયની રકમમાં વધારા અંગેની રૂ.૧૪.૦૧ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/ASO/e-file/17/2024/2278/G**
સચિવાલય, ગાંધીનગર
તા:૩૦/૦૪/૨૦૨૫

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨/૩/૨૦૦૦ અને તા:૧૩/૧૨/૨૦૦૪ના ઠરાવ ક્રમાંક:**SCW**/૧૦૯૮/ન.બા-૮/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭/૧૨/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૭/૨૦૨૧/૦૦૦૩/ગ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૯/૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૪/નામાભિધાન/જ

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૫/૦૨/૨૦૨૫નો પત્ર ક્રમાંક: અજાક/મ-૬/૩૬૬/૨૦૨૫

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૦/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: **DSCWG/YRW/e-file/224/2025/0394/M**

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના વિભાગના તા.૦૨/૦૩/૨૦૦૦ અને તા.૧૩/૧૨/૨૦૦૪ના ઠરાવોથી રાજ્યના અનુસૂચિત જાતિના કાયદાની પદવી મેળવી પ્રેકટીસ કરવા માંગતા સ્નાતકો સ્વતંત્ર પ્રેકટીસ શરૂ કરી શકે તે માટે વકીલાતની તાલીમ માટે સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના વિભાગના તા.૨૭/૧૨/૨૦૨૧ના ઠરાવથી આ યોજનાની શરતોમાં ફેરફાર કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૫/૦૨/૨૦૨૫ના પત્રથી આ યોજનામાં આપવામાં આવતી સહાયની રકમમાં વધારો કરવાની રૂ.૧૪.૦૧ કરોડની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો વર્ષ :૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૫) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૦/૦૩/૨૦૨૫ના પત્રથી ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપુર્વકની વિચારણાને અંતે, અનુસૂચિત જાતિના કાયદા સ્નાતકોને વકીલાતની તાલીમ માટે આપવામાં આવતી સહાયમાં વધારો કરવાની નવી બાબતને નીચે દર્શાવેલ સુધારેલ દર મુજબ નીચે મુજબની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 30-Apr-2025 (05:59 PM)

| કાયદા સ્નાતકોને આપવાની થતી સહાય | હાલના સહાયના દર (માસિક ) | સહાયના નવા સુધારેલ દર (માસિક ) |
|---|---|---|
| પ્રથમ વર્ષ | રૂ.૧૦૦૦ | રૂ.૭૦૦૦ |
| દ્વિતિય વર્ષ | રૂ.૮૦૦ | રૂ.૬૦૦૦ |
| તૃતિય વર્ષ | રૂ.૬૦૦ | રૂ.૫૦૦૦ |
| સિનિયર વકીલને સહાય | રૂ.૫૦૦ | રૂ.૩૦૦૦ |

આ યોજનાના અમલીકરણ બાબતે જિલ્લાકક્ષાએ નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ વર્ગ-૧ | અધ્યક્ષ |
| (૨) | સરકારી વકીલ | સભ્ય |
| (૩) | સમાજ કલ્યાણ અધિકારી, અનુસૂચિત જાતિ કલ્યાણ વર્ગ-૨ | સભ્ય |

શરતો:

(૧) અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકો પ્રેકટીસ શરૂ કરે તેના પ્રથમ વર્ષે માસિક રૂ.૭૦૦૦/- બીજા વર્ષે માસિક રૂ.૬૦૦૦/- અને ત્રીજા વર્ષે માસિક રૂ.૫૦૦૦/- ની સહાય આપવામાં આવશે.

(૨) કાયદાના સ્નાતકને જે સિનિયર વકીલ, વકીલાત કરવાની તાલીમ આપે તેને દર મહિને રૂ.૩૦૦૦/- નું એલાઉન્સ આપવામાં આવશે.

(૩) જુનિયર વકીલ હોય તેવા અરજદારે સનદ મળ્યા તારીખથી બે વર્ષમાં ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર અરજી કરવાની રહેશે.

(૪) આ યોજના હેઠળ જુનિયર વકીલ સ્ટાઈપેન્ડ મેળવવા ગુજરાત બાર કાઉન્સીલમાં નોંધણી કર્યેથી બે વર્ષની અંદર અરજી કરેલી હશે તેને સ્ટાઈપેન્ડ મળવાપાત્ર થશે.

(૫) મૂળ ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના કાયદા સ્નાતક યુવક / યુવતીઓને આ યોજનાઓનો લાભ મળવાપાત્ર થશે. અન્ય રાજ્યના અનુસૂચિત જાતિના લોકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૬) આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થી દ્વારા મૂળ ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના હોવાનું સક્ષમ અધિકારીનું "જાતિ પ્રમાણપત્ર" રજુ કરવાનું રહેશે.

(૭) આ યોજનાનો લાભ એક વ્યકિતને એક જ વખત મળવાપાત્ર થશે.

(૮) આ યોજનામાં વાર્ષિક આવકમર્યાદાનું ધોરણ રૂ.૬.૦૦ લાખ રહેશે.

(૯) જુનિયર વકીલ જે સિનીયર વકીલના હાથ નીચે પ્રેકટિસ કરતા હોય તેઓને દર ત્રણ માસે જે તે જુનિયર વકીલ દ્વારા પ્રેકટીસ કરવામાં આવી છે તેવું પ્રમાણપત્ર સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી (અજાક) સમક્ષ રજૂ કરવાના રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 30-Apr-2025 (05:59 PM)

(૧૦) સિનિયર વકીલ વધુમાં વધુ પાંચ જુનિયર વકીલ તાલીમાર્થી રાખી શકશે.

(૧૧) સિનિયર વકીલ તરીકે વકીલાતની પ્રેક્ટિસનો ૦૭ વર્ષનો અનુભવ ધરાવતો હોવા જોઇએ.

(૧૨) સિનીયર વકીલ તરીકે આ પ્રકારની તાલીમ જુનિયર વકીલોને જિલ્લા મથકે આપવાની રહેશે.

(૧૩) આ યોજના હેઠળ સહાયની રકમ અરજદારશ્રીને **Direct Beneficiary Transfer (DBT)** મારફત ચૂકવવાની રહેશે.

(૧૪) આ યોજના હેઠળ ફાળવેલ કુલ લક્ષ્યાંક પૈકી દિવ્યાંગ વ્યકિતઓ માટે ૫ ટકા અનામત રાખવાની રહેશે. તથા દિવ્યાંગ વ્યકિતઓને આવકમર્યાદા ધ્યાને લેવાની રહેશે નહી.

(૧૫) જુનિયર વકીલ અને સિનીયર વકીલના **E- KYC** ફરજીયાત કરવાનું રહેશે.

(૧૬) સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીની રહેશે.

(૧૭) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ રાખવાની રહેશે.

(૧૮) ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૧૯) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ **(GeM)** પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર **(No Objection Certificate)** મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

(૨૦) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી દ્વારા નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે **DBT** પધ્ધતિથી **/DBT Portal /C.M Dash Board** અપનાવવાનું રહેશે.

(૨૨) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૩) **Social Audit** અને **Third Party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૨૪) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૨૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૨૭) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૨૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 30-Apr-2025 (05:59 PM)

(૨૯) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

(૩૦) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી ક્રમાંક: ૯૫, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુ.જનજાતિઓ, અન્ય પછાત વર્ગો કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૧-અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર: ૧૦૨- આર્થિક ઉત્કર્ષ, પેટા સદર : ૦૨ **SCW – 12** રોજગારી અને આવકના સ્ત્રોતો ઉભા કરવા આર્થિક ઉત્થાન યોજના (અનુસૂચિત જાતિના કાયદા સ્નાતકોને વકીલાતની તાલીમ આપવાની યોજના) હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૨/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 30-Apr-2025 (05:59 PM)

**(સંતોષ વસાવા)**
**સેક્શન અધિકારી**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.અને અધિકારિતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સેક્શન અધિકારીશ્રી(કોમપ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિ. , સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૫